**જન્મદિને વધામણી**



દક્ષા જાદવ
લાયોનેસ કલબ



ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



દુર્ગેશ ભાસ્કરદાન ગઢવી
મહામંત્રી, ગાંધીનગર લોકસભા યુવા કોંગ્રેસ
ડિરેક્ટર, મિહિર એન્ટરપ્રાઈઝ
મો. ૯૭૨૫૦ ૧૭૮૯૦



કિર્તન રાજેન ઓઝા
મો. ૯૪૨૬૮ ૬૫૩૯૭



કૃતિકા નિલેશભાઈ શર્મા
મો. ૯૭૧૪૮ ૯૫૧૯૬



વ્રજ અરવિંદ ખાંટ
માઉન્ટ કાર્મેલ સ્કૂલ

### ચૌધરી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન અને ચૌધરી કૉમર્સ કૉલેજ દ્વારા

# ટૅલેન્ટ સ્પાર્ક તથા ફૂટ ફૅસ્ટ યોજાયો





ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ) અને ચૌધરી કૉમર્સ કૉલેજ (બી કૉમ પ્રોગ્રામ) દ્વારા ટૅલેન્ટ સ્પાર્ક તથા ફૂટ ફૅસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની ૧૧ અને ૧૨મા ધોરણની વિદ્યાર્થીનીઓએ મહેંદી, રંગોળી, સલાડ ડેકોરેશન, જ્વેલરી મેકિંગ, ક્રિએટીવ હેર સ્ટાઈલ, બેસ્ટ ફ્રોમ વેસ્ટ, ફોટોગ્રાફી અને કોમ્પ્યુટર ગેમ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાની સાથે-સાથે બીસીએ અને બીકોમની વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ મૅનેજમૅન્ટ સ્કિલ અંતર્ગત ખીચું, પાણીપુરી, મન્ચુરિયન, દહીંવડા, કપ કેક, ભેળ જેવી વસ્તુઓ તૈયાર કરીને તેમનું વેચાણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધક અને કૉલેજની તમામ વિદ્યાર્થીનીઓ કંઈક નવું શીખી શકે તે ઉદ્દેશથી કેન્ડલ મેકિંગ અને ચોકલેટ મેકિંગનો વર્કશૉપ પણ યોજવામાં આવ્યો હતો. પ્રૉ. પ્રતિમા છનિયારા દ્વારા આ તાલીમ વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત ફોટોગ્રાફી સ્પર્ધામાં પ્રથમ ક્રમે નીલમ સોલંકી, દ્વિતિય ક્રમે પિનલ પટેલ, મહેંદી સ્પર્ધામાં ગૃપ એમાં અનુક્રમે આંચલ ચૌહાણ અને વ્રદ નિયતિ, ગૃપ બીમાં રિશીકા ચૌધરી અને લલિતા ચૌધરી, સલાડ ડેકોરેશનમાં ગૃપ એમાં પ્રિયંકા જોષી, ભાર્ગવી દવે, ગૃપ બીમાં વિનિતા વટવાની, સેજલ દંતાણી, હેર સ્ટાઈલ મેકિંગમાં ગૃપ એમાં ખુશી ચૌહાણ, ભાર્ગવી દવે, ગૃપ બીમાં હેતલ રાવલ, દક્ષિતા પટેલ, બેસ્ટ ફ્રોમ વેસ્ટમાં ગૃપ એમાં માહિ પટેલ, પ્રતિમા યાદવ, ગૃપ બીમાં કિરણ ઠક્કર, સુરેખા ચૌધરી, જ્વેલરી મેકિંગમાં ગૃપ એમાં કોમલ ચૌહાણ, પાયલ પરમાર, ગૃપ બીમાં આકાંક્ષા ચૌહાણ, હેમાંગી ચૌધરી, કૉમ્પ્યુટર ગેમમાં ગૃપ એમાં નંદિતા કામલીકર, નેહલ વાઘેલા, ગૃપ બીમાં વિના રાવલાની, વિશાખા પ્રજાપતિ, રંગોળીમાં ગૃપ એમાં સ્નેહલ ચૌહાણ, સ્તુતિ પટેલ, ગૃપ બીમાં અંજલિ ગોસ્વામી, પિનલ પટેલને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધારવા માટે સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ ચૌધરી તથા અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું ાયોજન ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ કૉલેજનાં અધ્યાપક ગિરા ચૌધરી અને દિશા પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું.





આદર્શ નિવાસી કન્યા શાળા (અ જા), સૅક્ટર-૮ ખાતે તાજેતરમાં ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૅપિટલ રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ અરવિંદ રાણાના હસ્તે આનંદ મેળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શાળાની ધોરણ-૯થી ૧૨નીુલ ૧૩૦ વિદ્યાર્થીનીઓએ આ આનંદ મેળામાં ઉત્સાહભેર ભાગ લઈ ૨૧ જેટલા સ્ટોલ્સ ઊભા કર્યા હતા. છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી શાળાની વિદ્યાર્થીની બહેનોએ જાતે જ વિવિધ વાનગીઓ આ સ્ટોલ્સ માટે તૈયાર કરી હતી, જેમાં ઢોકળાં, દાબેલી, ભજીયાં, ચ્હા, પાણીપુરી, નૂડલ્સ, ભેળ, ચનાચોર, કોલ્ડ્રિંક્સ, દહીંપુરી, ખમણ, સમોસા, પફ, બ્રેડ પકોડા જેવી વાનીઓ સામેલ હતી. આ ઉપરાંત વિવિધ રસપ્રદ ગેમ્સના સ્ટોલ પણ વિદ્યાર્થીનીઓએ તૈયાર કર્યા હતા.

સૅક્ટર-૮ તથા આસપાસનાં સૅક્ટર્સની શાળાઓએ આ આનંદ મેળામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન પ્રસંગે દરેક સ્ટોલની લીડર વિદ્યાર્થીનીએ પોતાના અનુભવો તથા હિસાબની રજૂઆત કરી હતી. શાળાનાં આચાર્ય કુસુમબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ આનંદ મેળાનું આયોજન સફળતાને વર્યું હતું.

## શ્રીમતી આર ઍન પટેલ સ્કૂલ ઍથ્લેટિક્સમાં ચૅમ્પિયન બની

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી, ગાંધીનગર અને નવિન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વડનગરના સંયુક્ત ઉપક્રમે કડી ખાતે સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભાની પુણ્યતિથિ નિમિત્તે પૂજ્ય છગનભા વિજયપદ્મ સ્પર્ધાઓનું આયોજન થયું હતું, જેમાં ગાંધીનગર, કડી અને વડનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન વિવિધ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાએ દત્તક લીધેલી સે. ૧૭, ૧૨, ૭ અને પાલજ ગામ ખાતેની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક સ્કૂલના ૨૦ ખેલાડીઓ પૈકી ૧૦ ખેલાડીઓએ પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કરી તથા એથ્લેટિક્સમાં ભાઈઓની ટીમે ચેમ્પિયનશીપ ટ્રોફી પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓમાં દર્શન પારેખ, નોવિલ સોરઠિયા, નીતિરાજસિંહ ઝાળા, બંસરી ત્રિવેદી, મોહિબ અંસારી, ખુશ્બુ ગામિત, નિરાલી પરીખ, કૃણાલ સોલંકી, સાગર મકવાણા, રોહિત પરમાર સામેલ હતા. વ્યાયામ શિક્ષક કેતનકુમાર પટેલ અને કે કે પટેલનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળ્યું હતું. પ્રિન્સિપાલ દશરથભાઈ પટેલ અને સ્ટાફમિત્રોએ સૌ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મારો વિશ્વાસ યુવાશક્તિ પર છે, જે તેના પરાક્રમોથી વિશ્વને બદલી નાખશે

## સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે આજે સર્વ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતાં ૧૩૭૦ વિદ્યાર્થીઓને ૧.૨૦ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવશે

કડી સર્વ વિદ્યાલયના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની આજે પુણ્ય તિથિ છે. યુવાનોને યોગ્ય દિશા આપવા માટે ૫૬ વર્ષની જૈફ વયે છગન ભા નામના એક વડીલે ''કર ભલા હોગા ભલા'' ના સૂત્ર સાથે શિક્ષણ સંસ્થાનું બીજ રોપ્યું. બીજને સંવર્ધન કરવામાં દાસકાકા, ધનાકાકા, માણેકલાલ જેવા મહાનુભાવોએ પોતાનું જીવન આપ્યું હતું. આ જ સંસ્થામાં શિક્ષણમેળવનીને શિક્ષણ સમયે મળેલા 'કર ભલા હોગા ભલા'ના સૂત્રને જીવન મંત્ર બનાવી દરેકક્ષેત્રમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરનાર સ્વ. માણેકલાલ પટેલના આજે પણ ઉદાહરણ આપવામાં આવે છે. આજે પણ માણેકદાદા દરેકના દિલમાં જીવંત છે.

વર્તમાન ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા સંસ્થાના માધ્યમથી સ્વ. ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલની પુણ્યતિથિ નિમિત્તે છેલ્લા ચાર વર્ષથી ઉચ્ચ કારકિર્દી ઘડી શકે તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સ્વ. માણેકલાલ એમ. પટેલ સ્કોલરશીપની શરૂઆત કરવામાં આવી છે. આ માટે અત્યાર સુધીમાં પાંચ કરોડથી વધુ રકમ ખર્ચ કરવામાં આવી છે. ખાનગી સંસ્થાતરીકે આવી ઉમદાકામગીરી કરનાર સંસ્થા ભારતભરમાં પહેલી હશે, જે લાખો રૂપિયાની ફી માફી આપે છે. આ ક્રમ આજે સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે જાળવવામાં આવી રહ્યો છે,.



સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે સ્વ. માણેકદાદા હૃદયસ્થ કેવી રીતે થયા ? તે પ્રશ્નનો જવાબ સ્વામી વિવેકાનંદના ગુણોમાંથી પ્રાપ્ત થાય છે :

**લક્ષ નિર્ધારણ**

સ્વામી વિવેકાનંદના મતે વ્યકિતનો ખરેખર જન્મ લક્ષની સાથે જ થાય છે. તેઓ કહેતા હતા કે, ''જેના જીવનમાં લક્ષ નથી એ તો રમતીગાતી, હસતીબોલતી લાશ જ છે.'' યુવાનોએ પોતાના જીવનમાં શું કરવું છે એનો નિર્ણય કરવો જોઈએ. આપણે બાળપણથી જ શું બનવું છે તેનો વિચાર કરતાં કરતાં પોતાની જાતે કારકિર્દીના મર્યાદિત વિકલ્પોમાં ઘેરી લે છે અને જીવનમાં કરવા યોગ્ય બાબતોનો વિચાર જ નથી કરતા, કરવા યોગ્ય વિચાર કરશે તો બનવાનું તો પોતાની મેળે જ બનીને રહેશે.

**પ્રસંગસર**
મિતેષ મોદી - કુંતલ નિમાવત

**આત્મવિશ્વાસ**

જીવનમાં જે નક્કી કર્યું છે તે કરવા માટે સૌથી વધુ જરૂર છે પોતાનો આત્મવિશ્વાસ. સ્વામી વિવેકાનંદ ઈશ્વરમાં વિશ્વાસ કરવા કરતાં પોતાનામાં વિશ્વાસ વ્યકત કરવાનું જણાવે છે. ''પહેલાં કહેવાતું હતું કે, ઈશ્વરમાં વિશ્વાસ નહિ કરવાવાળો નાસ્તિક છે. હું કહું છું કે, જેને પોતાનામાં વિશ્વાસ નથી એ નાસ્તિક છે.'' સ્વામીજી આપણને એ પ્રેરણા પૂરી પાડે છે કે જીવનમાં આપણી આજુબાજુ બનવાવાળી નાનીમોટી, સકારાત્મકનકારાત્મક બધીજ ઘટનાઓ આપણને આપણી અમર્યાદ શકિતને પ્રકટ કરવાની તક પૂરી પાડે છે.

**સમર્પણ**

સ્વામીજી તેને અધ્યવસાયની સંજ્ઞા આપે છે. ''અધ્યવસાયી આત્મા કહે છે કે, હું સાગરને પી જઈશ એ છીપની જેમ જે સ્વાતિ નક્ષત્રના એક ટીપાને પ્રાપ્ત કરવા માટે મોજાંની ઉપર આવે છે. એક ટીપું પ્રાપ્ત થયા પછી સમુદ્રની અગાધ ઊંડાઈમાં જઈને ધીરજપૂર્વક બેસી જાય છે, જ્યાં સુધી તેનું મોતી ન બની જાય. આપણા યુવાનોને આવા અધ્યવસાયની જરૂર છે.''

**સંગઠન**

કોઈપણ ક્ષેત્રમાં પછી તે વ્યાવસાયિક ક્ષેત્ર હોય કે વિજ્ઞાનનું, આજે ટીમ દ્વારા કાર્ય થાય છે. વ્યકિતગત સિદ્ધિઓના સ્થાને સમૂહ દ્વારા આજે કાર્યો પૂરાં થાય છે સ્વામી વિવેકાનંદ અમેરિકામાં સંગઠન કાર્યના ચમત્કારથી પ્રભાવિત થયા હતા. એમણે નક્કી કર્યું હતું કે, ભારતમાં પણ આ સંગઠન કૌશલ્યને પુનઃર્જીવિત કરવું છે. તેમણે પોતે જ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરીને, સંન્યાસીઓ સુધી સંગઠન કરીને સમૂહમાં કામ કરવાની તાલીમ આપી હતી.

સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે આજ સવારે કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે સર્વ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતાં ૧૩૭૦ વિદ્યાર્થીઓને ૧.૨૦ કરોડની સ્કોલરશીપ સ્વ. માણેકલાલ એમ. પટેલના નામે એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર તથા ગુજરાતના, ભારતના એક નાગરીક તરીકે ગર્વથી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈએમ. પટેલ, સંસ્થાના દાતાઓ, શિક્ષકો પ્રતિ આભારની લાગણી વ્યકત કરીએ અને શુભકામનાઓ પાઠવીએ કે તેઓ સમાજને નવી દિશા આપવામાં સફળ બને અને સર્વ વિદ્યાલયને નવી ક્ષિતિજો સુધી લઈ જાય.

## સ્વામી વિવેકાનંદનો રાષ્ટ્રવાદ

સ્વામી વિવેકાનંદ વિવિધતાના સમર્થક હતા. વિવિધતા પર આધારિત રાષ્ટ્રવાદ એમનું ધ્યેય હતું. તેઓ કહેતા, તમે પોતે શૂન્યમાં મળી જાઓ. તમારી જગ્યાએ નૂતન ભારતને ઊભું થવા દો. હળધારી ખેડૂતની ઝૂંપડીમાંથી, માછીમારોની, ચમારોની અને ઝાડુવાળાઓની ઝૂંપડીઓમાંથી તેને જાગવા દો. મોદીની દુકાનમાંથી, ધાણી-દાળિયા વેચનારની ભઠ્ઠીમાંથી તેને બહાર આવવા દો. કારખાનામાંથી અને બજારોમાંથી તેને બહાર આવવા દો, ઝાડીઓ અને જંગલો, ટેકરીઓ અને પર્વતોમાંથી તેને બહાર આવવા દો.

વિવેકાનંદજીનું માનવું હતું કે નૈસર્ગિક અને સ્વસ્થ રાષ્ટ્રવાદનો વિકાસ ત્યારે થશે જ્યારે ન કેવળ ધર્મોની વચ્ચે પરંતુ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓ વચ્ચે સમાન આદાન-પ્રદાન થશે.

૧૮૯૩માં શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં તેમણે આપેલું ભાષમ તેમની વિશ્વબંધુત્વની ભાવનાને બિલકુલ સ્પષ્ટ કરે છે. તેમના સંબોધનની શરૂઆત 'અમેરિકાવાસી ભાઈઓ અને બહેનો' શબ્દોથી થઈ હતી. જો વિવેકાનંદજીના જીવન દર્શનને ધ્યાનથી સમજીએ તો સ્વામીજીના રાષ્ટ્રવાદની પરિકલ્પનાને યથાર્થ રીતે સમજવા સક્ષમ બનીશું. આધુનિક ભારતના ઈતિહાસકાર અમિય સેને તેમના પુસ્તક સ્વામી વિવેકાનંદમાં લખ્યું છે, વિવેકાનંદ હિન્દુ શબ્દનો ઉપયોગ વ્યાપક અને સાંસ્કૃતિક સંદર્ભમાં કરતા હતા.

સિસ્ટર નિવેદિતાએ પણ કહ્યું છે કે જ્યારે સ્વામીજી ખાસ કરીને હિન્દુ ધર્મના અનુયાયીઓની વાત થતી હોય ત્યારે વૈદિક અથવા વેદાંતિક શબ્દનો પ્રયોગ કરતા હતા. સિસ્ટર નિવેદિતાએ તેમના પુસ્તક 'નોટ્સ ઑફ સમ વોડરીંગ વિથ સ્વામી વિવેકાનંદ'માં સ્વામીજીને સાંસ્કૃતિક સંશ્લેષકની ઉપાધિ આપી છે. વિવેકાનંદજીનો રાષ્ટ્રવાદ બહુલતાવાદી હતો. સ્વામીજી એક ઘટનાનો ઉલ્લેખ વારંવાર કરતા હતા જે તેમની ઉદાર વિચારધારાનો પરિચય આપે છે. જ્યારે સ્વામીજી ભારત ભ્રમણ કરતા હતા ત્યારે તેઓ અલમોડા પહોંચ્યા. એક દિવસ તેઓ એક દરગાહ પાસે બેહોશ થઈ ગયા ત્યારે તે દરગાહના ફકિર ઝુલ્ફીકાર અલીએ તેમનો જીવ કાકડી ખવડાવી બચાવ્યો હતો.

વિવેકાનંદજી માતૃભૂમિ ભારતના ઉત્થાન માટે જે રાષ્ટ્રવાદની પરિકલ્પના કરે છે તેના મૂળમાં માનવતાવાદ, આધ્યાત્મિક વિકાસ અને સાંસ્કૃતિક નવજાગરણ છે. તેને પ્રાપ્ત કરવા માટે સ્વામીજીએ વેદાંત દર્શનને સાધન બનાવ્યું હતું. સ્વામીજી જે ભૂમિકાને સમજવાની વાત કરતા હતે તે નૂતન મનુષ્ય અને નૂતન સમાજની ભૂમિકા હતી. કરૂણા, વ્યક્તિગત સ્વતંત્રતા, સમાનતા અને વિશ્વબંધુત્વ પર આધારિત આધુનિક અને શક્તિશાળી ભારતના નિર્માણની ભૂમિકા હતી.

સ્વામી વિવેકાનંદજી એવા રાષ્ટ્રવાદી સંત હતા જેમને ભારતની માટીના કણકણથી પ્રેમ હતો. તેમનું કહેવું હતું, હું ભારતીય છું અને દરેક ભારતીય મારો ભાઈ છે. અજ્ઞાની હોય કે ગરીબ, અભાવગ્રસ્ત હોય કે બ્રાહ્મણ હોય, અછૂત હોય એ બધા મારા ભાઈઓ છે. ભારતનો સમાજ મારા બચપણનું પારણું છે અને મારા યૌવનનો બગીચો છે, મારા ઘડપણની કાશી છે. ભારત એ મારું સર્વોત્તમ સ્વર્ગ છે.

**- રજનીકાંત બી ભટ્ટ**

**ડાયરેક્ટ ❤ સે**

જુઓને
આ સ્વીચબૉર્ડ
ઘરના એક ખૂણામાં
એકલતા અનુભવતું હતું
હવે નિરંતર
ચાર્જર્સની હૂંફ મળતાં
સંબંધનાં કનેક્શનથી
કેવું જોડાયેલું રહે છે !

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પૅસેન્જર્સ (અંગ્રેજી, ૩ડી)
૫.૦૦, ૧૦.૦૦
પૅસેન્જર્સ (હિન્દી, ૩ડી)
૨.૦૦, ૭.૪૫

**સ્ક્રીન-૪**
તી સંધ્યા કાય કરતે (મરાઠી)
૭.૦૦
કૂખ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
સવારે ૧૦.૦૦
ફ્રેન્ડ રિક્વેસ્ટ (હિન્દી)
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫